# ગુજરાતમાં ગોબર ધન પ્રોજેક્ટથી ક્રાંતિ

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ આ યોજના થકી ગ્રામીણ વિસ્તારના જૈવિક ઘન કચરાનો થયો અસરકારક નિકાલ અને સ્વચ્છતાને મળ્યું પ્રોત્સાહન : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને પરિપૂર્ણ કરવા નાગરિકોએ બળતણ તરીકે અપનાવ્યો પ્રદૂષણમુક્ત ગોબર ગેસ

ગાંધીનગર,તા.૨૪

ખેડૂતો અને પશુપાલકોની આવક વધારવા તેમજ ગ્રામીણ વિસ્તારના જૈવિક ઘન કચરાનો અસરકારક નિકાલ કરી સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૮માં 'ગોબર ધન યોજના' અમલમાં મૂકી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં 'ગોબર ધન પ્રોજેકટ' થકી ક્રાંતિ આવી છે. ગુજરાતમાં ૭૬૦૦ના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં કુલ ૭૧૦૦થી વધુ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે.

મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યના ખેડૂતો અને પશુપાલકોની આવક વધારીને તેમને આત્મનિર્ભર બનાવવામાં બાયોગેસ પ્લાન્ટ એક શક્તિશાળી માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને પરિપૂર્ણ કરવા નાગરિકોએ પણ બળતણ તરીકે પ્રદૂષણમુક્ત ગોબર ગેસ અપનાવ્યો છે. ગોબરગેસ પ્લાન્ટમાંથી નાગરિકોને જાતે જ બળતણ ગેસ ઉત્પાદિત કરતા થયા છે, જેના પરિણામે તેમનો બળતણનો ખર્ચ ઝીરો થયો છે. આ સાથે જ વાર્ષિક રૂ. ૧૨ હજાર થી ૨૫ હજાર જેટલી કિંમતના એલ.પી.જી. ગેસની પણ બચત થઈ રહી છે. ગુજરાત રાજ્ય ૨ ઘન મિટર ક્ષમતા ધરાવતા ૭૬૦૦ જેટલા વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાના લક્ષ્યાંકને પૂર્ણ કરવા તરફ સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. ૭૬૦૦ના લક્ષ્યાંક સામે રાજ્યના ૩૩ જિલ્લાઓને મળી અત્યાર સુધીમાં કુલ ૭૧૪૭ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, ગામડાઓને સ્વચ્છ અને આત્મનિર્ભર બનાવતી ગોબર ધન યોજના પર્યાવરણ અનુકુલિત છે. પશુઓના છાણનો ઈંધણની જગ્યાએ ગોબરગેસ પ્લાન્ટમાં ઉપયોગ થાય તો, પ્રદૂષણ ઘટવાની સાથે ગ્રામીણ પરિવારોને ઘર વપરાશ માટેનો ગેસ મળે છે. આ ઉપરાંત બાયોગેસ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતી સ્લરીનો ખાતર તરીકે સીધો ખેતરમાં ઉપયોગ કરી શકાય છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, સ્વચ્છ ભારત મિશનને પ્રોત્સાહન આપતા ગોબરધન પ્રોજેકટના સુચારૂ અમલીકરણ માટે ગુજરાતમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (દ્રઢઢમ), અમૂલ ડેરી, બનાસ ડેરી, દૂધસાગર ડેરી, સાબર ડેરી અને ભારત બાયોગેસ એનર્જી લી.ને મુખ્ય અમલીકરણ એજન્સીઓ તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ગોબરગેસ પ્લાન્ટ સ્થાપવામાં સહાય કરવા ઉપરાંત ગ્રામ વિકાસ વિભાગ દ્વારા દ્રઢઢમ મારફત લાભાર્થીઓને તાલીમ પણ આપવામાં આવે છે. ગત વર્ષે આણંદમાં ૨૫ જિલ્લાના ૧૩૦૦ થી વધુ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગોબર ધન યોજના હેઠળ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવા માટેની કુલ કિંમત રૂ. ૪૨,૦૦૦ છે. જેમાં સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ દ્વારા રૂ. ૨૫,૦૦૦ની સબસિડી આપવામાં આવે છે, તેમજ રૂ. ૧૨,૦૦૦ મનરેગા યોજના હેઠળ આપવામાં આવે છે. બાકી રહેલા રૂ. ૫,૦૦૦ લોકફાળા રૂપે લાભાર્થી પાસેથી ઉઘરાવવામાં આવે છે.

# વસંત ગજેરાને જીઆઈડીસી દ્વારા ૬૦૦ કરોડનો દંડ

## સરકાર દ્વારા જમીનની ફાળવણી કર્યા બાદ નિયમોનું પાલન નહીં કરવાના કારણે જીઆઇડીસીએ કરોડો રૂપિયાની આવક ગુમાવવાની સ્થિતિ

સુરત,તા.૨૪

સચીન જીઆઈડીસી ખાતે આવેલા લક્ષ્મી ટેકસટાઈલ પાર્કને સરકાર દ્વારા જમીનની ફાળવણી કર્યા બાદ નિયમોનું પાલન નહીં કરવાના કારણે જીઆઈડીસીએ કરોડો રૂપિયાની આવક ગુમાવવાની સ્થિતિ પેદા થઈ હતી. તેની ગણતરી કરીને જીઆઈડીસીએ ગુજરાતના ઉદ્યોગપતિ વસંત ગજેરા સંચાલિત લક્ષ્મી ઈન્ડા ડેવલપર્સને ૬૦૦ કરોડથી વધુની રકમ ભરપાઈ કરવા માટે નોટિસ ફટકારી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, સચિન ખાતે ૧૭ ઓગસ્ટ, ૨૦૦૦ના રોજ સરકાર દ્વારા અભિષેક એસ્ટેટ પ્રા. લિ.ને ૬ લાખ ચોરસ મીટર જગ્યા ફાળવવામાં આવી હતી.

જોકે તેનો કબજો ૨ મે ૨૦૦૦ના રોજ જ અભિષેક એસ્ટેટના જવાબદારોને સોંપી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૪ ઓગસ્ટ, ૨૦૦૮ના રોજ લક્ષ્મી ઈન્ફ્રા ડેવલપર્સ લિ.ને જમીન સોંપવામાં આવી હતી. આ જમીનમાં ૨૧ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ વધારો કરીને ૯૨૯૯૮૭.૬૨ ચોરસ મીટર જગ્યાની ફાળવણી કરવામાં આવી હતી. ત્યારબાદ નિયમ પ્રમાણે મંજૂરીની પ્રક્રિયા પાર પાડવાની હોય છે, પરંતુ લક્ષ્મી ઈન્દા ડેવલપર્સ લિ.ના વસંત ગજેરા સહિતનાઓએ આવા નિયમોની મંજૂરી લીધા વિના જ સ્થળ પર પ્લોટ ફાળવણી કરવાની સાથે બાંધકામ પણ શરૂ કરાવી દીધું હતું.

આ માટે જીઆઈડીસી દ્વારા વખતોવખતના પત્રવ્યવહારથી તાકીદ કરાઈ હતી, તેમ છતાં નિયમોનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખ્યું હતું. તેના કારણે જીઆઈડીસીએ અલગ અલગ નિષો તોડવા બદલ ૬૦૦ કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે.




ચંદ્રયાન-૩ના સફળ ઉતરાણની જમાલપુરના રહીશો દ્વારા ઉજવણી કરાઈ હતી.

### રખડતા ઢોર અંગે માર્ગદર્શિકા જાહેર

# મનપા-નપા વિસ્તારમાં ઢોરનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરાયું

## જાહેર રસ્તાઓ પર ઘાસ વેચાણ અને ખવડાવવા પર પ્રતિબંધ

અમદાવાદ,તા.૨૪

રાજ્યમાં રખડતા ઢોરને લઈ રાજ્ય સરકારા માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં મનપા તેમજ નપા વિસ્તાર માટે સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે. ત્યારે મનપા તેમજ નપા વિસ્તારમાં ઢોરનું રજીસ્ટ્રેશન પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. અને રજીસ્ટ્રેશન વગરનાં ઢોરને જપ્ત કરવામાં આવશે.

રાજ્ય સરકારે રખડતા ઢોર અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. રાજ્ય સરકાર દ્વારા મનપા તેમજ નપા વિસ્તાર માટે સરકારે માર્ગદર્શિકા જાહેર કરી રખડતા ઢોર માલિકો સામે કડક નિર્ણય લીધો છે. જેમાં રાજ્યની દરેક મનપા તેમજ નપા વિસ્તારમાં ઢોરનું રજીસ્ટ્રેશન ફરજિયાત કર્યું છે. તેમજ મનપા અને નપાએ પશુઓમાં ટેગ લગાવવાની કામગીરી કરવી પડશે. તેમજ પરમિશન માટે નિશ્ચિત ચાર્જ ભરવો પડશે. તેમજ જાહેર રસ્તાઓ પર ઘાસ વેચાણ અને ખવડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે અને રજીસ્ટ્રેશન વગરનાં ઢોર જો રસ્તા પર રખડતા પકડાશે તો ઢોરને જપ્ત કરાશે.

રાજ્યમાં રખડતા ઢોરને લીધે ઘણા લોકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. જેને લઈ રાજ્ય સરકાર દ્વારા આજે મહાનગર પાલિકા તેમજ નગરપાલિકા હદ વિસ્તારમાં કડક પણે માર્ગદર્શિકાનું પાલન કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. તેમજ માર્ગદર્શિકામાં ઢોર માલિક કેટલા ઢોર રાખી રહ્યા છે. તે અંગેની માહિતી રજૂ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન કરાવવું તેમજ ટેગ લગાવવાનું ફરજીયાત કરાયું છે. તેમજ જાહેર રસ્તાઓ પર ઘાસ વેચાણ અને ખવડાવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. હવે રાજ્યમાં માર્ગદર્શિકાનું કેટલું પાલન થાય છે તે હવે જોવાનું રહ્યું.

# એસટી બસ સ્ટેન્ડમાં ગંદકી કરવી ભારે પડશે

અમદાવાદ, તા.૨૪

ગુજરાત વાહન વ્યવહાર વિભાગે બસ સ્ટેન્ડની સ્વચ્છતા લઈને મહત્વનો નિર્ણય લીધો છે. નિગમ દ્વારા ગંદકી ફેલાવનાર મુસાફરો સામે દંડ વસૂલવાની તૈયારી શરૂ કરી દીધી છે. ગંદકી કરનારા લોકો પાસેથી દંડ વસૂલવાની જોગવાઈ મામલે આવનાર દિવસોમાં નિર્ણય લેવામાં આવશે. જેથી મુસાફરોને બસ સ્ટેન્ડ પર કચરો ફેંકી ગંદકી કરવી ભારે પડી શકે છે. સ્વચ્છતા બાબતે ખાસ નિગમ દ્વારા પ્રથમવાર એક અધિકારીની પણ કેન્દ્રીય સ્તરે નિયુક્તિ કરવામાં આવી છે. ઓડિટ અને મોનિટરિંગ ચીફ મેનેજરનો કાર્યભાર અધિકારીને સોંપવામાં આવ્યો છે. જે રાજ્ય પરના બસ સ્ટેન્ડ પર સ્વચ્છતા બાબતે કામ કરી રહ્યાં છે. ચીફ મેનેજર રાજ્યના તમામ એસટી બસ ડેપોમાં સ્વચ્છતા બાબતે કરશે કામગીરી કરશે. નિગમ દ્વારા બસ સ્ટેન્ડની સ્વચ્છતા જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખીને બસ સ્ટેન્ડની સફાઈ માટે અભિયાન પણ શરૂ કર્યું છે. અમદાવાદના ગીતામંદિર એસટી બસ સ્ટેન્ડ પર સફાઈ બાબતે ભાર આપવામાં આવી રહ્યો છે અને ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ બસ સ્ટેન્ડ પર વિભાગના અધિકારીઓ પોતે હાજર રહીને કામ લઈ રહ્યા છે. રાજ્યના બસ સ્ટેન્ડ ઉપર દિવસ દરમિયાન હજારોની સંખ્યામાં મુસાફરોની અવરજવર થતી હોય છે. તેમાં અમદાવાદ વડોદરા, સુરત અને રાજકોટ જેવા મહાનગરોના બસ સ્ટેન્ડ પર મુસાફરોની અવરજવર ખૂબ જ મોટા પ્રમાણમાં થતી હોય છે.

### ગ્રાન્ટેડ શાળાઓ માટે સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

# રાજ્યમાં બોર્ડના પરિણામ આધારિત ગ્રાન્ટની નીતિ રદ

## રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે પરિણામ આધારિત ગ્રાન્ટની નીતિ રદ કરી દીધી છે,જેના કારણે હવે ગ્રાન્ટેડ શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ

ગાંધીનગર,તા.૨૪

રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓ માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે પરિણામ આધારિત ગ્રાન્ટની નીતિ રદ કરી દીધી છે.

જેના કારણે હવે ગ્રાન્ટેડ શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળશે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્મમિક શાળાઓને પૂરી ગ્રાન્ટ મળશે. અત્યાર સુધી શાળાઓને પરિણામ મુજબ ગ્રાન્ટ મળતી હતી. ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ પ્રમાણે ગ્રાન્ટ મળતી હતી. શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓ અને શિક્ષકોના હીતમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

રાજ્યમાં શાળાઓને બોર્ડના પરિણામ પર ગ્રાન્ટ મળતી હતી. બોર્ડમાં ધોરણ ૧૦ અને ૧૨નું ૩૦ ટકાથી ઓછુ પરિણામ આવે ત્યારે કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ મળતી ન હતી. જ્યારે ૩૦ થી ૪૦ ટકા પરિણામમાં મેળવતી શાળાઓને ૨૫ ટકા ગ્રાન્ટ મળતી હતી. તો ૪૦ થી ૫૦ ટકા પરિણામ મેળવતી શાળાઓને ૫૦ ટકા ગ્રાન્ટ મળતી હતી.

તેમજ ૫૦ થી ૭૦ ટકા પરિણામ મેળવતી શાળાઓને ૭૫ ટકા ગ્રાન્ટ મળતી હતી. તો ૭૦ ટકા પરિણામ મેળવતી શાળાઓને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળતી હતી. પરંતુ શાળાની ગ્રાન્ટ પરિણામના આધારે કાપ મુકવામાં નહી આવે.

ઉલ્લેખનીય છે કે ૩૦થી ૪૦ ટકા જેટલું પરિણામ મેળવતી શાળાઓને ૨૫ ટકા જ ગ્રાન્ટ મળતી હતી તો ૪૦થી ૫૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓને ૫૦ ટકા ગ્રાન્ટ મળતી હતી જેમાં હવે કોઈ કાપ મુકવામાં નહીં આવતાં પૂરેપુરી ગ્રાન્ટ મળશે.

# ગુજરાતની માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી બહાર પડી

## જ્ઞાનસહાયક શિક્ષકોની નિમણૂંક માટે ૨૬ ઓગસ્ટથી ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત

અમદાવાદ,તા.૨૪

એવું કહેવાય છે કે શિક્ષક કભી સાધારણ નહિ હોતા. પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ. એક વિદ્યાર્થીના ઘડતરમાં શિક્ષક નો સિંહ ફાળો હોય છે. ત્યારે ઉત્તર ગુજરાતના પ્રાથમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કુલોમાં ફરજ બજાવતા પ્રવાસી શિક્ષકોના મહેનતાણામાં છેલ્લા છ વર્ષથી કોઈ જ વધારો કરવામાં ન આવતા આવા શિક્ષકોની આર્થિક સ્થિતિ ડામાડોળ થઈ છે. કારમી મોંઘવારીમાં ઘરના બે છેડા ભેગા કરતાં -કરતાં આવા શિક્ષકો ભારે પરેશાન થઈ રહ્યા છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકની કરાર આધારિત ભરતી કરવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતની માધ્યમિક શાળાઓમા પ્રવાસી શિક્ષકોને બદલે ૧૧ માસના કરાર આધારિત જ્ઞાનસહાયક શિક્ષકોની ભરતી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજયની સરકારી અને બિનસરકારી અનુદાનીત ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમા જ્ઞાનસહાયક શિક્ષકોની નિમણૂંક માટે ૨૬ ઓગસ્ટથી ઓનલાઈન ફોર્મ ભરવાની શરૂઆત થશે. જ્ઞાન સહાયકની કરાર આધારિત ભરતીમાં શિક્ષકોને ૨૪ હજાર રૂપિયા મહેનતાણું આપવાનું નક્કી કર્યું છે.

શિક્ષણ વિભાગ દ્વારા એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન સહાયક (માધ્યમિક)ની ભરતીની જાહેરાત કરવામાં આવશે. જેમાં ઉમેદવારો ઓનલાઈન ૨૬ ઓગસ્ટથી અરજી કરી શકશે. ઉમેદવારો ૪ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. પસંદગી પામેલા ઉમેદવારને માસિક ફિક્સ ૨૪ હજાર રૂપિયા પગાર આપવામાં આવશે.

ઉપરોક્ત જગ્યાઓ માટે ઉમેદવારોની વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની તારીખ સુધીની રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી વેબસાઈટ પર જઈને કરવાની રહેશે. રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહીં. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહીં.

# ગુજરાત રાજ્યમાં સિઝનનો કુલ ૮૧ ટકા જેટલો વરસાદ

અમદાવાદ, તા.૨૪

રાજ્યમાં હાલ મેઘરાજા જાણે આરામના મૂડમાં હોય તેમ ઓગસ્ટ મહિનામાં ખાસ વરસાદ વરસ્યો નથી. ત્યારે જૂન અને જુલાઈમાં શ્રીકાર વરસેલા વરસાદ સાથે રાજ્યમાં સિઝનનો કુલ ૮૧ ટકાથી વધારે વરસાદ વરસ્યો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૩૬ ટકા વરસાદ નોંધાયો છે. જ્યારે મધ્ય ગુજરાતમાં ૬૬ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યમાં ડેમની સ્થિતિ પર નજર કરીએ તો સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૩.૯૨ ટકા પાણીનો જથ્થો સંગ્રાયેલો છે. જ્યારે સૌથી ઓછો પાણીનો સંગ્રહ મધ્ય ગુજરાતના ૧૫ ડેમમાં માત્ર ૪૯.૨૦ ટકા પાણીનો જથ્થો છે. મળતી માહિતી પ્રમાણે, ગુજરાતમાં સિઝનનો સરેરાશ ૮૧.૫૪ ટકા વરસાદ નોંધાયો છે. આંકડા જોઈએ તો કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૩૬ ટકા વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૧૧૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૭૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૮ ટકા, મધ્ય ગુજરાતમાં ૬૬ ટકા વરસાદ નોંધાયો છે. રાજ્યના ૨૦૭ ડેમની સ્થિતિ જોઈએ તો, સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૩.૯૨ ટકા પાણીનો જથ્થો છે. આ સાથે દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૭૬.૫૨ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે.

# ઈસ્કોન કેસ : તથ્ય પટેલની જામીન અરજી નામંજૂર

અમદાવાદ,તા.૨૪

અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં તથ્ય પટેલની જામીન અરજી અંગે મહત્વનો ચુકાદો આપ્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટે તથ્ય પટેલની જામીન અરજી નામંજૂર કરી છે. આરોપી તથ્ય પટેલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી કરી હતી. ગત સુનાવણીમાં તથ્યના વકીલે સલમાન ખાનના કેસ પણ ટાંક્યા હતા. મૃતક પરિવારજનના વકીલે જામીન અરજીનો વિરોધ પણ કરવામાં આવ્યો હતો.અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર નવ નિર્દોષ લોકોને કચડનાર તથ્ય પટેલની જામીન અરજી પર સુનાવણી ૨૨ ઓગસ્ટના રોજ પૂર્ણ થઈ હતી. ત્યારે આજે ૨૪ ઓગસ્ટે તથ્ય પટેલના જામીન અંગે કોર્ટ ચુકાદો આપ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં રાજ્ય સરકારે તથ્ય પટેલની જામીન અરજીનો ખુલીને વિરોધ કર્યો હતો. ઈસ્કોન ઓવરબ્રિજ પર વાહનની અવર-જવર જેટલો રસ્તો ખુલ્લો હોવા છતાં બેફામ ગાડી હંકારી હોવાની દલીલ વકીલે કરી હતી. જેના બે દિવસ બાદ આજે ગુરુવારે આ અંગે કોર્ટે મહત્વનો નિર્ણય કરી તથ્ય પટેલની જામીન અરજી ફગાવી છે.તો બીજી તરફ તથ્યના પિતાએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. નીચલી કોર્ટમાં જામીન નહીં મળતા હવે હાઈકોર્ટના દ્વારે પ્રજ્ઞેશ પટેલ પહોંચ્યો છે. નિયમિત જામીન મેળવવા હાઈકોટમાં અરજી કરી છે. આ અરજી અંગે આગામી દિવસોમાં સુનાવણી થશે. આ પહેલા જિલ્લા ગ્રામ્ય કોર્ટે પ્રજ્ઞેશની જામીન અરજી ફગાવી હતી.

### ફોરલેન બ્રિજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયોજન કરવામાં આવ્યુ છે. ૧.૫ કી મીના આ હયાત બ્રિજની બાજુમાં નવો ફોરલેને બ્રિજ તૈયાર કરવામાં આવશે જયારે વાયુસેના સર્કલ સુધી ૪૦૦ મીટરનો એપ્રોચ પણ તૈયાર કરવામાં આવશે આ બ્રિજ નિર્માણની કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરાશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રકીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે દિવાળી પુર્વે બ્રિજ નિર્માણની કામગીરી શરૂ કરી દેવાશે.

### વેગ મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેતુના ૩ પ્લોટ, વાણીજ્ય હેતુના ૨ પ્લોટ, આર્થિક નબળા વર્ગના પરિવારો માટે રહેણાંક બાંધવા માટે એક પ્લોટ, બગીચા નિર્માણ માટે ૧ પ્લોટ, વાહન પાર્કિંગ ઉભા કરવા માટે ૨ પ્લોટ અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવા માટે ૩ પ્લોટ છે આ બોર્ડ બેઠકમાં અનામતના પ્લોટ અને તેના હેતુ તથા ક્ષેત્રફળ, સ્થળ વિવિધ બાબતોને અનુલક્ષી ચર્ચા વિચારણ કરવામાં આવી હતી ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર ૩૨ને આખરી કરવા ગતિ વિધિ હાથ ધરવામાં આવી છે પાલજ માં ટી પી સમાવિષ્ટ વિસ્તારમાં વિકાસને નવો વેગ મળશે.

### ૩૮ તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માળખાગત સુવિધાના કામો જેવા કે રસ્તા, પાણી ગટર, સ્ટ્રીટ લાઈટની સહીતની સુવિધા ઉપલબ્ધ કરવાનુ આયોજન પણ કરાયુ છે. જયારે આ ટી પી તૈયાર કરવાની પ્રકીયાના અંતે ૧૫ જેટલા વાંધાસુચનો રજુ કરાયા હતા. જો કે આ વાંધા સુચનનો નિકાલ કરી દેવાયો છે. ટુંકમાં આ ટી પી સંદર્ભે મંજુરીની પ્રકીયા અન્વયે સરકારને મોકલી દેવાશે.

### 3 વર્ષની સજા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ ચિરાગ દવેએ કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે આરોપી એન્ટી સોશિયલ એલીમેન્ટ છે. સમાજમાં રહીને લુંટ તેમજ ખુન જેવા ગંભીર પ્રકારના ગુન્હા કર્યા છે. જયારે એકિટવાની ચોરી કરી તેનો ઉપયોગ ખુન જેવા ગંભીર પ્રકારન ગુન્હામાં કર્યો છે. જે એક અનપ્રેસીડેન્ટ ચોરીનો કેસ છે. જયારે જે તે સમયે સમગ્ર જિલ્લાના નાગરિકોને આરોપીએ ભયના ઓથા હેઠળ મુકી દીધા હતા. આ કેસ શંકા રહીત સાબિત થાય છે ફરિયાદ પંચનામા ગુન્હાની જગ્યાનુ પંચનામુ, સાક્ષીઓના નિવેદન સહીતની બાબતોને ધ્યાને લીધી હતી. જેથી આરોપીને દોષી ઠેરાવી મહત્તમ સજા કરવી જોઈએ. દલીલો અને પુરાવાને ધ્યાનમાં રાખી ત્રીજ એડીશ્નલ જયુ મેજી ફક જજ મીમાંશા મહેશ અગ્રવાલે આરોપી મદનલાલ ઉર્ફે વિશાલ ઉર્ફે મુકેશ, ઉર્ફે મોનીશ ભવરલાલ નાયકને કલમ ૨૪૮ (૨) અન્વયે કસુરવાર ઠરાવીને ૩ વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

### બ્રિક્સ પ્લસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંગઠન તરીકે મજબૂત થશે. મને આનંદ છે કે અમારી ટીમો બ્રિક્સના વિસ્તરણ માટે માર્ગદર્શક સિદ્ધાંતો, ધોરણો, ધોરણો, પ્રક્રિયાઓ પર સંમત થવા માટે એકસાથે આવી છે. બ્રિક્સના વિસ્તરણના નિર્ણયથી બહુ-ધ્રુવીય વિશ્વમાં ઘણા દેશોનો આત્મવિશ્વાસ વધુ મજબૂત થશે અને તમામનો ઝડપથી વિકાસ થશે.

ગયા નવેમ્બરમાં, પીએમ મોદીએ ચીની રાષ્ટ્રપતિ સાથે હાથ મિલાવ્યા હતા અને બાલીમાં જી૨૦ નેતાઓ માટે ઔપચારિક રાત્રિભોજનમાં ટૂંકી વાતચીત કરી હતી, જે ૨૦૨૦ માં લદાખમાં લશ્કરી ગતિરોધની શરૂઆત પછી જાહેરમાં તેમની પ્રથમ સામ-સામે બેઠક હતી. જૂન ૨૦૨૦માં ગાલવાન ઘાટીમાં બંને સેનાઓ વચ્ચે અથડામણ થઈ ત્યારથી ભારત અને ચીન વચ્ચે તણાવ છે. પરિસ્થિતિને ઉકેલવા માટે બંને દેશોએ સૈન્ય સ્તરની વાતચીતના ૧૯ રાઉન્ડ યોજ્યા છે.

ભારત, દક્ષિણ આફ્રિકા, બ્રાઝીલ, ચીન અને રશિયાના સભ્યપદવાળા બ્રિક્સ સંગઠનમાં હવે નવા ૬ દેશોને સામેલ કરવામાં આવ્યા છે. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ઈજિપ્ત, ઈથિયોપિયા, સાઉદી અરબ, આર્જેન્ટિના, સાઉદી અરબ અને ઈરાનને બ્રિક્સ સંગઠનમાં સામેલ કરવામાં આવ્યા છે. નવા સભ્યો જોડાયા બાદ આ સંગઠનને બ્રિક્સ પ્લસ કહેવાશે. માહિતી અનુસાર દ.આફ્રિકાના રાષ્ટ્રપતિએ જણાવ્યું કે આ દેશોનું સભ્યપદ ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી લાગુ પડશે. ભૌગોલિક ફેક્ટરને નવા સભ્યોની ચૂંટણી દરમિયાન સૌથી વધુ મહત્ત્વ અપાયું છે. તેના માધ્યમથી એવો પ્રયાસ કરાયો છે કે બ્રિક્સની અંદર પ્રાદેશિક સંતુલન જળવાઈ રહે. માહિતી અનુસાર બ્રિક્સ સંગઠનમાં ચીન તેના સમર્થક દેશોને સામેલ કરવા માગતું હતું જેથી આ સંગઠનને જી-૭ વિરુદ્ધ ઊભું કરવામાં આવી શકે. જોકે ભારતે તેના ઈરાદાઓ પર પાણી ફેરવી નાખ્યું. બ્રિક્સમાં સામેલ તમામ દેશો સાથે ભારતના ઘણા સારા સંબંધો છે. અહેવાલ મુજબ, ભારત અને ચીન વચ્ચે વિવાદ હોવા છતાં, તમામ બ્રિક્સ સભ્ય દેશો તેના વિસ્તરણ પર સહમત છે.